
40 B

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા પુસ્તક ૩ જું
સંપાદકો · ગિજુભાઈ અને તારાબેન

# ઊભું હતું, ઊભું હતું

1600092



૩

૧૯૪૮]

લેખક : ગિજુભાઈ

[redacted]

પાંચ આની

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા પુસ્તક [illegible]

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન [illegible]

# ઊભું હતું, ઊભું હતું

: લેખક :

ગિજુભાઈ

卐

: મુખ્ય વિક્રેતા :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૪૮

: પ્રકાશક :
અચરતલાલ ર. શેઠ
શ્રી વિરાટ પ્રકાશન મંદિર
સોનગઢ (કાઠિયાવાડ)

: મુદ્રક :
રેવાશંકર હરિશંકર જાની
શ્રી ગ્રામલક્ષ્મી પ્રિં. પ્રેસ
સોનગઢ (કાઠિયાવાડ)

* * *

બાલસાહિત્યમાળાનાં
૮૦ પુસ્તકો

*

દરેકની કિંમત ચાર આના
ટપાલ ખર્ચ જુદું

કુલ નકલ ૧૧,૧૬૦

| | | |
|---|---|---|
| પહેલી આવૃત્તિ | બીજી આવૃત્તિ | તૃતિય મુદ્રણ |
| ચાર મુદ્રણો | બે મુદ્રણો | ૧૧૫૦ નકલો |
| કુલ ૬૬૬૦ | ૩૩૫૦ નકલો | ૩૧ : ૮ : ૪૮ |

# ઊભું હતું, ઊભું હતું

વરત પહેલું

ઊભું હતું ઊભું હતું,
ચાર પગે ઊભું હતું;
લાંબા કાને ઊભું હતું,
ધોળે વાને ઊભું હતું;
સ્થિર મને ઊભું હતું,
યોગી જેમ ઊભું હતું;
ઊભું હતું ઊભું હતું,
ચાર પગે ઊભું હતું.

: ગધેડું :

વરત બીજું

ઊઠી રોજ પગે લાગી,
કામ કાજે લાગીએ;
ખડ ખાઈ પાણી પીને,
દૂધ દીએ દાડી દાડી;
આપણીએવાલીમાડી,
જતનથી પાળીએ.
ઊઠી રોજ પગે લાગી,
કામ કાજે લાગીએ.

: ગાય માતા :

વરત ત્રીજું

શિંગ ડોળા ડરકાવે,
હાથીજેમ હાલી આવે;
ખાડામાં પડે છે ત્યારે,
ગારે સુખ માને છે;
મૂરખની નાત મહીં
નામ એનું આવે છે.
શિંગ ડોળા ડરકાવે,
હાથીજેમ હાલી આવે.

:ભેંશ:

વરત ચોથું

દિન બધો ઊંઘ્યા કરે
રાતના શિકારે ફરે,
ધીમે પગે ચાલી ચાલી
ઝડપથી ઝાલે છે;
વાઘ તણી માશીબા છે,
આમાનો એ કાળ છે.
દિન બધો ઊંઘ્યા કરે
રાતના શિકારે ફરે.

: બિલ્લીબાઈ :

## વરત પાંચમું

મીની માશી મળે ત્યારે
સખણા એ રહેવાના;
રાત પડયે રંજાડોથી
ઊંઘવા ન દે લગાર;
જે આવ્યું તે ખાઈ જાય,
ઢાંકનારો કાઈ જાય;
મીની માશી મળે ત્યારે
સખણા એ રહેવાના.

: ઉંદર :

વરત છઠ્ઠું

કાળા કાળા વાનવાળી
મીઠા કંઠે ગાનવાળી,
લીમડા ને આંબા પરે,
તાજાતાજા મોર આવ્યા,
તેની સાથે લેતી આવી,
વધામણી વસંતની.
કૂજે બેઠી આંબાડાળે
કોણ એનું નામ છે.

: કોયલ :

વરત સાતમું

કાકા કાકા કરી કરી
કાગા કાગા ભેળા કરે,
ડો'ળે બેઠો પટલાઈ;
સુધારાના ખાતાની.
ચારે કોર જોતો જાય
ચતુરાઈ દાખવી;
કાકા કાકા કરી કરી,
કાગા કાગા ભેળા કરે.

: કાગડો :

વરત આઠમું

ભૂરી પાંખે, ભૂરી ડોકે,
લાલ પગે, મોતી આંખે
ભોળા અને ફરતાં'તાં,
આવો તમે ઘેર ઘેર;
ચતુરાઈ હોય કહી,
ઘૂઘવાટે ઓળખજો.
ભૂરી પાંખે, ભૂરી ડોકે,
લાલપગે, મોતીઆંખે.

: કબૂતર :

ચરત નચરણુ

પીળી ચાંચ પીળા પગ,
પાંખો નીચે ધોળો રંગ,
કલબલ કરી કરી,
ઊડાઊડ કરે છે;
પોપટ મૂકીને કોણ
એવીને તે પાળતું'તું?
પીળી ચાંચ, પીળા પગ,
પાંખો નીચે ધોળો રંગ.

: કાબર :

વરત દસમું

કલગી ને પીંછાંઓની
શોભા બહુ ભારી છે;
લાંબી ભૂરી ડોકે સોહે,
કલા કરી નાચે; વળી
'મેઆઓ' કરીને સાદ
મેઘને બોલાવે છે.
કલગી ને પીંછાંઓની
શોભા બહુ ભારી છે.

: મોર :

વરત અગિયારમું

ઉડ ઉડ ઉડ કરે,
પાંખો રંગભરી દીસે;
ઘડીકમાં અહીં બેસે,
ઘડીકમાં તહીં બેસે;
ફૂલે ફૂલે મધ ચૂસે,
આનંદમાં મસ્ત દીસે;
ઉડ ઉડ ઉડ કરે,
પાંખો રંગભરી દીસે.

: પતંગિયું :

વરત બારમું

ચક ચક ચક ચક
ચણવાને નીસરે છે.
આમ કરી તેમ કરી,
ચાંચે દાણા ભરી લઈ,
ઉડી માળે જઈ ઠરી,
ચાંચે ચાંચે ચણ આપે.
ચક ચક ચક ચક
ચણવાને નીસરે છે.

: ચકલી :

વરત તેરમું

'તેજી કુઈ તેજો કુવો,
પાણીપીતાંડૂબીમૂઓ,'
ઘર તણા મોભે બેસી,
ઠીકઠાક ચાંચ રાખી,
દિવસના ચારે પો'ર
તડકામાં ઘૂઘવે છે.
'તેજી કુઈ તેજો કુઓ
પાણીપીતાંડૂબીમૂઓ.'

: હોલો :

વરત ચૌદમું

મુખે બોલે રામ નામ
અરથનું નહિ કામ;
નમણું છે રાતું નાક,
લીલે રંગે કાળો કાંઠ;
પંખીઓમાં ઉંચી જાત,
કારભારીની છે નાત.
મુખે બોલે રામ નામ
અરથનું નહિ કામ.

:પોપટ:

વરત પંદરમું

ચોર સાથે રાત પડે
બહાર આવી બેસે છે;
કોઈ કહે નામ એનું
ન લેવાય રાત પડે,
કોઈ એને ભૈરવના
નામથી બોલાવે છે.
ચોર સાથે રાત પડે
બહાર આવી બેસે છે.

: ચીબરી :

વરત સોળમું

ટચકાવે ટચ દઈ
ચીસને નખાવે છે;
આંકડો વળેલો રાખે,
ભાળે બધું આઠે આંખે.
પીળો રંગ, વેગવાન,
સાચવજો ભગવાન.
ટચકાવે ટચ દઈ
ચીસને નખાવે છે.

: વીંછી :

વરત સત્તરમું

ફાટયાંતૂટયાં કપડાં ને
મેલા ઘેલા વેશવાળી;
કાખે ભારી દાતણની,
માથે કાળો પાટિયો છે;
પાટિયામાં ધાન ભર્યું,
કેડે નાનું બાળ ધર્યું;
ફાટયાંતૂટયાં કપડાં ને
મેલા ઘેલા વેશવાળી.

: વાઘરણ :

વરત અઢારમું

ગામ બહાર નીકળીને
આમ તેમ જોતી હતી;
વારે વારે લેતી હતી,
હાથ ધૂળે ધોતી હતી;
બે હાથે ચડાવતી'તી,
ધણ વાંસે ફરતી'તી;
ગામ બહાર નીકળીને
આમ તેમ જોતી હતી.

: છાણવાળી :

ધણ=ઢોરનું ટોળું.

વરત ઓગણીશમું

ઉભો હતો ઉભો હતો,
વડ છાંયે ઉભો હતો;
કાંધે કાળો કામળો ને
હાથે લાંબી ડાંગ હતી;
ઘેટાં અને બકરાંની
મોજણીને કરતો'તો.
ઉભો હતો ઉભો હતો,
વડ છાંયે ઉભો હતો.

: ભારવાડ :

મોજણી=ગણતરી.

વરત વીશમું

લીમડાની છાયા નીચે
બેઠો બેઠો ઘડતો'તો;
હાથ ગારો ગારો હતા;
ગોળ સામે ફરતું'તું,
પાસે પાણી કૂંડું હતું,
માટી પીંડા પડ્યા હતા.
લીબડાની છાયા નીચે
બેઠો બેઠો ઘડતો'તો.

: કુંભાર :

વરત એકવીશમું

મીણ દોરા પાતો પાતો
આર અને રાંપી લઈ,
વા'ણે ઊઠી બેઠો હતો;
ચામડાના કટકાથી
મોજડીને કરતો'તો.
મીણ દોરા પાતો પાતો
આર અને રાંપી લઈ,
વા'ણે ઊઠી બેઠો હતો.

: મોચી :

વરત બાવીશમું

વાંકો વળી બેઠો હતો
હાથ એનો હાલતો'તો;
કાતર ને ગજ લઈ,
સોયદોરા ભેળા કરી,
ચોળી ને પેરણ સીવી
ઘરાકને દેતો હતો.
વાંકો વળી બેઠો હતો,
હાથ એનો હાલતો'તો;

: દરજી :

વરત ત્રેવીશમું

વાંસલાને વાંસે ધારી
કરવત હાથ કરી
લાકડાનો પાકો અરિ
વાંકો વળી વેરે છે;
કોણ એ કઠણ જાત,
કઈ એની હશે નાત,
કોણ એનાં માત તાત.
રખે શું એ છોડીફાડ?

:સુતાર:

અરિ=શત્રુ.

વરત ચોવીસમું

કાળા એના હાથ હતા,
મેલો એનો વેશ હતો,
હાથમાં હથોડો હતો,
લાલ લોઢું ટીપતો'તો;
પાસે ભઠ્ઠી ધખતી'તી;
ધમણ ધમાતી હતી,
કાળા એના હાથ હતા,
મેલો એનો વેશ હતો.

: લુહાર :

વરત પચીસમું

ગુજરીમાં દીઠો હતો;
ઘરાકની સામે બેસી,
કાચ તેની પાસ ધરી,
સાબુ પીંછી પર ભરી;
દાઢીને લગાડી કરી,
લટપટ લટપટ
કામ એનું કરતો'તો;
ગુજરીમાં દીઠો હતો.

: હજામ :

વરત છવ્વીસમું

અધંખોલ્યું અંગ હતું
મોટી એની ફાંદ હતી;
પીળાપીળા વણતો'તો,
તાવડામાં તળતો'તો;
તાજવામાં તોળી તોળી
ઘરાકને દેતો હતો.
અધંખોલ્યું અંગ હતું,
મોટી એની ફાંદ હતી.

:કંદોઈ:

વરત સત્યાવીશમું

બેઠી હતી બેઠી હતી,
સાદ પાડી બેઠી હતી;
મોઘરી ને મૂળા સાથે
ગાજર ને ડુંગળીથી
ટોપલી ભરેલી હતી.
પાશેર ને શેર લઈ
ત્રાજુડીમાં તોળતી'તી;
સાદ પાડી બેઠી હતી.

:શાકવાળી:

વરત અઠ્યાવીશમું

આંગણામાંઆવીઊભી
ટૌકો કરી ગાજી રહી;
હાથે લઈ સાવરણો,
સાથે ધરી સૂંડલાને;
દાતણ ધરંતી મુખે,
કેડે લેટ વાળી હતી.
આંગણામાંઆવીઊભી
ટૌકો કરી ગાજી રહી.

: ઢેલડી :

વરત ઓગણત્રીશમું

કોથળીમાં છાપાં નાખી,
હાથમાં કાગળ રાખી,
ઘેર ઘેર જઈ જઈ,
નામ વાંચી દીએ છે.
રોજ એ આવે છે ભાઈ,
નવી વાતો લાવે કાંઈ;
કોથળીમાં છાપાં નાખી,
હાથમાં કાગળ રાખી.

: ટપાલી :

વરત ત્રીશમું

કાને ખોસી કલમને
કાગળિયાં ધરી રાખી,
શેઠ સામે ધીર ધારી
બિલાડાં તણાવે છે;
હાશ કરી હેઠો બેસી,
પગ પર પગ ધરી;
ચશમાને ઠીક કરી,
છીંકણીને તાણે છે.

: કારકુન :

વરત એકત્રીશમું

ખીસ્સામાંથી નળી કાઢી,
છાતી પર ધરી રાખી;
કાન માંડી સાંભળે છે
કેવો રોગ થયો છે.
મિટરથી તાવ માપી
દવા વળી લખી આપી;
ખીસામાંથી નળી કાઢી
છાતી પર ધરી રાખી.

: ડૉક્ટર :

વરત બત્રીશમું

દીપ સાથે થાળી માંહીં
અક્ષત ને પુષ્પ ભર્યાં,
કપાળે કુંકુમ તણા
ચાંદલાને કર્યો છે;
ચાલી જાણે રાજરાણી
દેવના મંદિર ભણી,
દીપ સાથે થાળી મહીં
અક્ષત ને પુષ્પ ભરી.

: દેવદર્શને :

અક્ષત=ચોખા; દીપ=દીવો.

### વરત તેત્રીશમું

કપાળે કુંકુમ ચંદ્ર
વેણી ફૂલે ભરી છે.
મલકાતું મુખ લઈ,
હાથમાં પુસ્તક ધરી,
સખીઓનીસાથેસાથે
શાળે રોજ જાય છે.
કપાળે કુંકુમ ચંદ્ર
વેણી ફૂલે ભરી છે.

: કન્યા :

ચંદ્ર=ચાંદલો; વેણી=અંબોડો.

વરત ચોત્રીશમું.

પક્ષી ગણુ ઊડી ઊડી
માળે માળે જતાં હતાં;
ઢોર અને ઢાંખર ને
ભરવાડ હાંકી આવ્યા;
પાણિયારી પાછી વળી
ઉતાવળી ઘર ભણી;
આકાશે અંધારૂં પડ્યું
મંદિરમાં ઘંટ વાગ્યા.

: સંધ્યાકાળ :

વરત પાંત્રીશમું

ઘેરા ને ગંભીર નાદે
દિન રાત ગાજે છે;
છાતી પરે કોટિ કોટિ
જહાજોને ધારે છે;
ભરતી ને ઓટ ભલે
આવે જાય દિન દિન,
યોગી જેમ હતો તેવો
અનન્ત યુગોથી ઊભો.

: સાગર :

નાદ=અવાજ.

વરત છત્રીશમું

દુંદાળો છે જેનું નામ
નામ લીધે શુભ કામ;
કાને સૂંઢે હાથી જેવો
ગોળા જેવી ફાંદ એવો,
મૂષકની બેઠકેથી
લાડુ બેઠો ખાય છે.
દુંદાળો છે એનું નામ
નામ લીધે શુભ કામ.

: ગણપતિ :

મૂષક=ઉંદર.

વરત સાડત્રીશમું

હોઠે ધરી મોરલીને
નાદઘેલાં કરી મૂકયાં;
ગાય ને ગોવાળ બધાં
ગોપીઓ ને વાછરડાં
વાંસેવાંસે ચાલી મળ્યાં;
જોવા લોક ટોળે મળ્યાં;
હોઠે ધરી મોરલીને
નાદઘેલાં કરી મૂકયાં.

: મુરલીધર :

વરત આડત્રીશમું

બેઠી હંસ પીઠ પરે
કર ગ્રહી વીણા ધરી;
એક હાથે પુસ્તક ને
બીજે હાથે માળા છે.
અજ્ઞાનીનેજ્ઞાનઆપી,
કુવિચાર વન કાપી,
બેઠી હંસ પીઠ પરે,
કર ગ્રહી વીણા ધરી.

: સરસ્વતી :

કર=હાથ.

# દરેક ઘરમાં હોવાં જ જોઈએ

## શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરનાં
## બાલસાહિત્યનાં તેમ જ બીજાં પુસ્તકો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બાલસાહિત્યમાળા | | ૮૦ના સેટના | ૨૦-૦-૦ |
| ૨ | બાલસાહિત્યગુચ્છ | | ૨૫ના ,, | ૭-૮-૦ |
| ૩ | બાલસાહિત્ય વાટિકા · ૩૫નો સેટ · | | દરેક પુસ્તકના | ૧-૦-૦ |
| ૪ | બાળવાર્તાઓ ભા. ૧-૫ · | શ્રી ગિજુભાઈ | ,, | ૧-૦-૦ |
| ૫ | કિશોરકથાઓ ભા. ૧-૨ | ,, | ,, | ૧-૦-૦ |
| ૬ | રખડુ ટોળી ખંડ ૧-૨ | ,, | ,, | ૧-૦-૦ |
| ૭ | ધર્માત્માઓનાં ચરિતો | ,, | | ૧-૮-૦ |
| ૮ | ઈસપનાં પાત્રો: ગધેડાં | ,, | | ૦-૮-૦ |
| ૯ | બાળ લોકગીત સંગ્રહ ભા. ૧-૨ | ,, | દરેકના | ૦-૮-૦ |
| ૧૦ | મહાભારતનાં પાત્રો ૧ થી ૧૩ | શ્રી નાનાભાઈ · | સેટના | ૧૧-૮-૦ |
| ૧૧ | રામાયણનાં પાત્રો ૧ થી ૬ | ,, | ,, | ૬-૧૨-૦ |
| ૧૨ | હિંદુ ધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | શ્રી નાનાભાઈ | દરેકના | ૧-૮-૦ |
| ૧૩ | શ્રીમદ્ લોકભાગવત | ,, | | ૫-૮-૦ |
| ૧૪ | ભાગવત કથાઓ | ,, | | ૧-૮-૦ |
| ૧૫ | બાલરામાયણ | શ્રી મોંઘીબેન | | ૧-૮-૦ |
| ૧૬ | ભગવાન બુદ્ધ | શ્રી ગિજુભાઈ | | ૦-૮-૦ |
| ૧૭ | સો ટેનાં પરાક્રમો | શ્રી રમેશ ગૌતમ | | ૦-૮-૦ |
| ૧૮ | ટારઝન ૧ થી ૧૦ | શ્રી શંકર શાહ | દરેકના | ૦-૧૨-૦ |
| ૧૯ | રંગરેખા (ચિત્રસંગ્રહ-બે ભાગ) | શ્રી સોમાલાલ શાહ | | ૩-૦-૦ |

: મળવાનું મુખ્ય સ્થળ :

**આર. આર. શેઠની કંપની**

બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ · પ્રિન્સેસ સ્ટ્રીટ · મુંબઈ-૨